

# ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત
# ગ્રામસેવા કેન્દ્ર ભલાડા . તા. માતર જી.ખેડા.

## ફેબ્રુઆરી – ૨૦૨૦પ્રવૃતિ અહેવાલ   અંક :૯

### ગ્રામસેવાકેન્દ્ની પ્રવૃતિઓ:

૧. શતાબ્દી વર્ષની ઉજવણી
૨ . વિશ્વ કેન્સર દિવસ
૩. બાળમેળો
૪. સર્વોદય મેળો
૫.વિશ્વ રેડિયો દિવસ
૬.માતૃભાષા ગૌરવ દિન
૭.રાષ્ટ્રીય કૃમિ જાગૃતિ દિવસ
૮. સ્કાઉટ ગાઈડ  દિન
૯. મુખવાચન અને વાચન અર્થગ્રહણ સ્પર્ધા
૧૦. શૈક્ષણિક મૂલ્યાંકન મુલાકાત
૧૧. રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ
૧૨. વ્યસન નિર્મૂલન
૧૩. શતાબ્દી વર્ષની ઉજવણી : પ્રાર્થના સભા તથા વન ભોજન
૧૪. રાષ્ટ્રીય વિજ્ઞાન દિન


ઈમેલ આઈડી:
gvpbhalada@gmail.com

બ્લોગ આઈડી:
http://schoolbhalada9.blogspot.com

ફેસબુક આઈડી:
**Gramseva Kendra Bhalada**

યુટુબ આઈડી :
School nivashi bhalada9

**ટેલિગ્રામ આઈડી :**
**Nivashibhalada 9**


### સત્યના પ્રયોગો અથવા આત્મકથા

‘સત્યના પ્રયોગો અથવા આત્મકથા’ (૧૯૨૭) ગુજરાતી સાહિત્યને જ નહીં, વિશ્વ સાહિત્યને પણ મહત્ત્વનું પ્રદાન છે. ૫૦૨ પૃષ્ઠોમાં વિસ્તરેલી અને બે ભાગમાં વહેંચાયેલી આ આત્મકથામાં ૧૮૬૯ થી ૧૯૨૦ દરમિયાનની લેખકનાં જન્મ, બચપણ, બાળવિવાહથી આરંભી નાગપુર સત્યાગ્રહ સુધીની ઘટનાઓ સમાવેશ પામેલી છે. નિર્દંભ રજૂઆત, નિર્ભીક કબૂલાત અને નિર્દય આત્મનિરીક્ષણનો નમૂનો બનતી આ કથાની ભીતરમાં વિચાર અને આચારને એક કરવાના મુકાબલાની સંઘર્ષકથા વહે છે.

નિખાલસતા સાથે સત્યની ખેવના કરવાનું સાહસ આમ તો દુષ્કર છે, એને અહીં લેખકે બહુધા સિદ્ધ કરી બતાવ્યું છે. પોતાની સારી કે નરસી બાજુઓને રજૂ કરતા પ્રસંગોનાં નિરુપણોમાં આથી આપમેળે સંયમ અને વિવેક જળવાયેલા જોઈ શકાય છે. અહીં અનલંકૃત ભાષાનો વાગ્મિતા વગરનો વ્યાપાર એની સાદગીના આકર્ષણે સજીવ છે. ટૂંકમાં, નિરભિમાની આત્મશોધકની આ કથા વિશ્વની આત્મકથાઓમાં નોખી છે.

સંદર્ભ : -ચંદ્રકાન્ત ટોપીવાળા
સવિશેષ પરિચય: મહાત્મા ગાંધીજી

**મેહુલભાઈ.એસ.પટેલ.**

### ❖ વિશ્વ જળ પલ્વિત દિવસ: પાણી બચાવો :(૩-૨-૨૦૨૦):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા અને સામાજિક વનીકરણ વિભાગ નડીયાદ તથા યુપીએલ શારસ યોજના ઉપક્રમે ગુજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે જળપ્લાવિત ક્ષેત્ર અને જૈવ વિવિધતા સંદેશાથી વિશ્વ જળ પલ્વિત દિવસ ની આદરણીય ડૉ.ટી. ક્રુરુપા સ્વામી નાયબ નિયામક ખેડા જિલ્લા તથા આદરણીય ડો.જતીન્દર કૌર યુપીએલ શારસ યોજના ના હસ્તે કરવામાં આવી.

અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભલાડા અને બામણગામ, પ્રાથમિક કુમાર શાળા સીંજીવાડા- પરીએજ ના વિદ્યાર્થીઓ ટુરીઝમ પરીએજ માં પ્રકૃતિ દર્શન કર્યું અને ચિત્ર સ્પર્ધામાં ઈનામો અને પ્રમાણપત્ર વિતરણ કરવા આવ્યા.







### ❖ વિશ્વ કેન્સર દિવસ : (૪-૨-૨૦૨૦):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભલાડામાં વિશ્વ કેન્સર દિવસની બાળકોને સમજ આપવામાં આવી જેમાં વ્યસન નિર્મૂલન કાર્યક્રમ યોજવામાં આવ્યો . સૌ વિદ્યાર્થીઓને કેન્સર એ તમાકુના સેવનથી થાય છે અને તે માટે આપણે તેનાથી દૂર રહેવું જોઈએ તેવી સમજ આપી . નિયમિત યોગ અને વ્યાયામ જરૂરી કરવો જોઈએ તથા વ્યસન ન કરવું તેવી સલાહ આપવામાં આવી . વિદ્યાર્થીઓને કેન્સર વિષે ની ટેલિ ફિલ્મ બતાવવામાં આવી .














❖ બાળ મેળો – પેટલાદ (૯-૨-૨૦૨૦):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભલાડાના વિદ્યાર્થીઓ એ સૂર્યાઈન્ટરનેશનલ સ્કૂલ પેટલાદ ખાતે યોજાયેલ બાળમેળામાં બાળ પ્રવૃત્તિઓ કરી.




❖ સર્વોદય મેળો (૧૨-૨-૨૦૨૦):ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ અને જીવન સાધના ટ્રસ્ટ બામણગામ પ્રયોજિત બા બાપુ ૧૫૦, ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે સર્વોદય મેળાનું આદરણીય ડૉ.રાજેન્દ્ર ભાઈ ખીમાણી માનદ નાયબ નિયામક વિસ્તરણ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પ્રમુખ સ્થાને કરવામાં આવ્યું. ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા વિદ્યાર્થીઓ એ વિવિધ પ્રવૃતિઓ રજૂ કરી. આદરણીય ઉદેસિંહ ભાઈ સોલંકી સર્વોદય મેળાસંયોજક શ્રી , તથા આદરણીય લાભુભાઈ બાઢીવાલા એ પ્રાસંગિક પ્રવચન કર્યું. માનનીય બિન્દુબેન પંડ્યા કે ળવણી કાર પ્રસંગે હાજર રહી ગાંધી જીવન વિશે વાત કરી.ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર બોચાસણ ,ભારેલ, દેથલી, વિનય મંદિર અમદાવાદ , અભેટી,જીવન સાધના ટ્રસ્ટ સંચાલિત અનુદાનિત શાળાઓ અને વિનય મંદિર રૂણ ના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રદર્શન, ગાંધી ગીત અને પ્રસંગ,મેદાનની કાર્યક્રમો અને સંસ્કાર કાર્યક્રમ રજુ કર્યા. અંદાજિત ૧૦૦૦ વિદ્યાર્થીઓએ સર્વોદય મેળા માં ભાગ લીધો.





❖ વિશ્વ રેડિયો દિવસ (૧૩-૨-૨૦૨૦):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભલાડાના વિદ્યાર્થીઓને રેડિયો શબ્દ સાભાળતા જ નવાઈ લાગી આવી કેમકે આજના આધુનિક યુગમાં હવે રેડિયો ભુલાઈ ગયો છે . રેડિયા દ્વારા પહેલા સમયમાં જ્યારે મોબાઈલ નહોતા ત્યારે તેની પર જ પ્રાદેશિક સમાચાર અને સંગીતના કાર્યક્રમો આવતા . આજે આ વિદ્યાર્થીઓને જુદા જુદા પ્રકારના રેડિયોના ચિત્રો બતાવી સમજ આપી રેડિયોનું મહત્વ શું હતું તે સમજાવ્યું .

### ❖ માતૃભાષા ગૌરવ દિન (૨૧-૨-૨૦૨૦):

બાળકો ભાષા દ્વારા વિચાર અને લાગણીઓને ભાષા દ્વારા પ્રદર્શિત કરવાનું શીખી શક્યા . એક બીજા શાથે વિચારોનું આદાન પ્રદાન ભાષાથી સરળ બની શક્યું . આજે આપણી ભાષાએ આપણા વિચારો રજૂ કરવા માટેનું મહત્વનુ અંગ બની રહ્યું છે . શાળામાં **માતૃભાષા ગૌરવ** દિન નિમિતે માતૃભાષા નું “ જીવનમાં મહત્વ “ તે વિષય પર નિબંધ સ્પર્ધા રાખવામા આવી . જેમાં ધોરણ ૫ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો . ગૌરવરૂપી ગરબા , એક પાત્રીય અભિનય બાળકોએ રજૂ કર્યા .




### ❖ રાષ્ટ્રીય કૃમિ જાગૃતિ અને બાળ આરોગ્ય માર્ગદર્શન (૨૧-૨-૨૦૨૦):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રા.શાળા ભલાડા માં કુમાર કન્યા પ્રાથમિક શાળા ભલાડા આરોગ્ય વિભાગના સહયોગથી ભવાઈ દ્વારા રાષ્ટ્રીય કૃમિ જાગૃતિ અને બાળ આરોગ્ય માર્ગેદર્શેન અંગે કાર્યક્રમ યોજાયો.





## ❖ સ્કાઉટ ગાઈડ દિન (૨૨-૨-૨૦૨૦):




સ્કાઉટની સ્થાપના ભારતમાં ૧૯૦૯ માં સ્કાઉટ એસોસિએશનની વિદેશી શાખા તરીકે થઈ હતી . યુવાનો અને બાળકોમાં શિસ્ત અને તન્દુરસ્તી માટેનો એક શૈક્ષણિક પાયો ગણી શકાય જેના દ્વારા બાળકોના શારીરિક પાસા પર ભાર મુકતા તેઓને આચાર અને વિચારમાં ફેરફાર લાવી શકાય છે . વિદ્યાર્થીઓને સ્કાઉટના ફાયદા જણાવવામાં આવ્યા . સ્કાઉટની તાલીમ થી શું ફેરફાર થઈ શકે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી .

## ❖ મુખવાચન અને વાચન અર્થગ્રહણ સ્પર્ધા : (૨૪- ૦૨-૨૦૨૦ ) :

સરકાર શ્રીના પરિપત્ર અનુસાર ધોરણ – ૩ થી ૫ માટે અને ૬ થી ૮ એમ બે વિભાગમાં આ મુખ વાચન અને વચન અર્થગ્રહણ સ્પર્ધા યોજવામાં આવી . વિદ્યાર્થીઓમાં વાચનની સાથે સાથે તેનું અર્થગ્રહણ કરતાં શીખે તે આ સ્પર્ધાનો મુખ્ય હેતુ હતો . જેમાં ધોરણ – ૩ થી ૫ માટે એક વિદ્યાર્થી અને ૫ થી ૮ માટે એક વિદ્યાર્થીને વિજેતા જાહેર કરી ઈનામ વિતરણ કરવામાં આવ્યું **તથા** ક્લસ્ટર કક્ષાએ વિજેતા વિદ્યાર્થીઓના નામ મોકલી આપવામાં આવ્યા .



❖ બી.આર.સી .કૉઓડિનેટર મુલાકાત : (૨૫- ૦૨-૨૦૨૦ ) :



આજ રોજ નિવાસી શાળા ભાલાડામાં શૈક્ષણિક હેતથી તાલુકા બી.આર.સી .કૉઓડિનેટર હિમ્મતસિહ અને તાલુકા કૉઓડિનેટર સી.આર.સી . એ મુલાકાત લીધી જેમાં ધોરણ – ૩ થી ૮ માં વાંચન અને લેખન તથા એકમ કસોટી અંતર્ગત પ્રશ્નોતરી કરી . વિદ્યાર્થીને દ્વિતીય સત્રની પરીક્ષા અંગે સૂચનો કર્યા અને શુભેશ્ચા પાઠવી .

❖ રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ (૨૭-૨-૨૦૨૦):



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા માં આરોગ્ય વિભાગ ભલાડાના સહયોગથી રાષ્ટ્રિય કૃમિ મુકિત દિવસ ની ઉજવણી કરવામાં આવી.જેમાં સૌ બાળકોને કૃમિના પ્રકાર અને તેનાથી આપણા શરીર પર થતી આડઅસરો વિશેની માહીતી કિરણભાઇ ધ્વારા આપવામાં આવી. પ્રાથમિક આરોગી કેન્દ્રના કિરણભાઈ અને જયેશભાઈ બોરિચા દ્વારા બાળકોને કૃમિની દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

❖ વ્યસન નિર્મૂલન (૨૭-૨-૨૦૨૦):



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રા.શાળા ભલાડા માં પોલીસ વિભાગ અને આરોગ્ય વિભાગના સંયુક્ત સહયોગથી બા બાપુ ૧૫૦,ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે વ્યસન નિર્મૂલન કાર્યક્રમ આદરણીય એ.આર.પ્રજાપતિ પોલીસ ઈન્સ્પેક્ટર અને તુષારભાઈ આર પરમાર સરપંચ શ્રી ભલાડા ઉપસ્થિત રહ્યા .

### ❖ શતાબ્દી વર્ષની ઉજવણી : પ્રાર્થના સભા તથા વન ભોજન : (૨૮-૨-૨૦૨૦):

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા અને પ્રાથમિક શાળા હરીપુરા(ભલાડા), ગાયત્રી નગર , શેખુપુર, ચાનોર, નગરામા , રણાસર,મરાલા ના સંયુક્ત ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ શતાબ્દી વર્ષ નિમિત્તે પ્રાર્થના સભાનું અને વનભોજન નું આયોજન દાતા શ્રી તરફથી હરીપુરા ભલાડા (જિલાડી ના વડે) કરવામાં આવ્યું







### ❖ રાષ્ટ્રીય વિજ્ઞાન દિન (૨૮-૨-૨૦૨૦):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભાલાડામાં બાળકોને વિજ્ઞાનની અજ્ઞાનતા દૂર થાય અને આ વિષયમાં રુચિ કેળવાય તે હેતુ થી વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવી જેમાં કુમાર શાળા ભલાડા , કન્યા શાળા ભલાડા અને નિવાસી શાળા ભલાડાના ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓની વિજ્ઞાન સ્પર્ધા રાખવામા આવી જેમાં પ્રથમ , દ્વિતીય અને તૃતીય વિદ્યાર્થોને ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા .



## સમાચાર પ્રવૃતિ આવ્રુતિ – જાન્યુઆરી



**માતર ભાસ્કર** | ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ અને જીવન સાધના ટ્રસ્ટ બામણગામ પ્રયોજિત સર્વોદય મેળાનું ડો.રાજેન્દ્રભાઈ ખીમાણી, વિસ્તરણ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા કરાયું હતું. ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓ રજૂ કરી હતી. ઉદેસિંહભાઈ સોલંકી સર્વોદય મેળા લાભુભાઈ બાડીવાલાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. બિન્દુબેન પંડ્યા ગાંધી જીવન વિશે વાત કરી હતી.ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર બોચાસણ, ભારેલ, દેથલી, વિનય મંદિર અમદાવાદ, અભેટી, જીવન સાધના ટ્રસ્ટ સંચાલિત અનુદાનિત શાળાઓ અને વિનય મંદિરના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રદર્શન, ગાંધી ગીત અને પ્રસંગ,મેદાનની કાર્યક્રમો અને સંસ્કાર કાર્યક્રમ રજૂ કર્યાં હતાં.





